# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 25-09-2025 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## વન પર્યાવરણ મંત્રી : ફોરેસ્ટ સોઇલ હેલ્થકાર્ડ

રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાએ આજે ગાંધીનગરથી 28 પ્રદેશ વિભાગમાં ફૉરેસ્ટ સૉઇલ હૅલ્થકાર્ડનું વિમોચન કર્યું. આ પ્રસંગે શ્રી બેરાએ આ કાર્ડ રાજ્યના વન વિકાસ માટે મહત્વની ભૂમિકા ભજવશે તેમ જણાવતા કહ્યું કે, આ માટે રાજ્યના વિવિધ 444 સ્થાન પરથી ત્રણ અલગ અલગ ઊંડાઈએથી એક હજાર 215 જેટલા માટીના નમૂના એકઠા કરી તેનું પૃથક્કરણ કરાયું છે. તેના માધ્યમથી આગામી સમયમાં રાજ્યમાં વનના વધુ વિકાસ માટે ઇચ્છીત પરિણામ મેળવી શકાશે.

વન વિભાગ, વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ અને પર્યાવરણ પ્રેમીઓ દ્વારા કરાતા વૃક્ષારોપણ બાદ તેમાંથી 80થી 90 ટકા વૃક્ષ જીવંત રાખવા એ આપણી સૌની જવાબદારી હોવાનું પણ શ્રી બેરાએ ઉમેર્યું હતું.

**---------------------------------------------------------------------------------------**

## સ્વચ્છતા અભિયાg : કચ્છ વાસ્મો

ગુજરાત રાજ્ય સરકારના ગ્રામ વિકાસ વિભાગ દ્વારા તા. ૧૭ થી તા. ૦૨ ઓક્ટોબર ૨૦૨૫ સુધી 'સ્વચ્છતા હી સેવા અભિયાન – ૨૦૨૫ અંતર્ગત કચ્છમાં વાસ્મોની ટીમ દ્વારા ગ્રામ્ય આંતરિક પાણી વિતરણ વ્યવસ્થાના સ્ત્રોતો એવા પાણીની ટાંકી, પશુઓને પીવા માટેના આવેડા અને ભૂગર્ભ ટાંકાની સાફ સફાઈ કરવામાં આવી હતી. આ સાથે પાણીની લાઈનનું સમારકામ કરીને લોકોમાં પાણીના બચાવ તથા સ્વચ્છતા વિશે જન જાગૃતિ લાવવાની

**કામગીરી કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, વાસ્મોની ટીમ દ્વારા કચ્છ જિલ્લાના કુલ ૧૦૧ જેટલા ગામોમાં સફાઈની કામગીરી કરાઈ છે.**

**---------------------------------------------------------------------------------------------**

## સ્વચ્છતા અભિયાg : ભુજ પીજીવીસીએલ

**રાજ્યભરમાં ચાલી રહેલ “સેવા પખવાડીયા” અને “સ્વચ્છતા હી સેવા અભિયાન” અંતર્ગત ભુજ ખાતે પીજીવીસીએલ ભુજ વર્તુળ કચેરી તથા ભુજ વિભાગીય કચેરી દ્વારા “સ્વચ્છતા હી સેવા” અને “એનર્જી કન્ઝર્વેશન”ના અંગે જાગૃતતા લાવવા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં કચેરીઓના અધિકારીઓ, કર્મચારીઓ તથા નાગરિકો જોડાયા હતાં. પીજીવીસીએલ ભુજ વર્તૂળ કચેરી દ્વારા વીજ અકસ્માત નિવારવા માટેના શું કરવું અને શું ન કરવું તે બાબતે માર્ગ દર્શન પાઠવતા પેમ્ફલેટનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. જાગૃત બની, જિંદગીભરની સલામત બનાવવા અને સ્વચ્છતા જાળવી રાખવા પીજીવીસીએલ ભુજ વર્તુળ કચેરી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.**

**---------------------------------------------------------------------------------------------**

## સ્વસ્થ નારી સશક્ત પરિવાર : ભુજ ઘટક -1

**પોષણ ઉત્સવ ૨૦૨૫ની ઉજવણી અંતર્ગત આઈ.સી.ડી.એસ ભુજ ઘટક: ૦૧ ખાતે લોહતત્વથી ભરપૂર મીલેટ્સ વાનગીઓની નિર્દેશન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા મોટી સંખ્યામાં મહિલાઓએ ભાગ લીધો હતો અને મેદસ્વિતાથી દુર રહેવા અને ઘટાડવા બાબતે સમજ મેળવી હતી. જિલ્લા પ્રોગ્રામ ઓફિસર દશરથ પંડ્યા દ્વારા કાર્યકર બહેનોને આંગણવાડી કક્ષાએ બાળકોનું નિયમિત વજન અને ઉંચાઈ કરવા તેમજ પ્રધાનમંત્રી દ્વારા શરૂ  કરવામાં આવેલ “સ્વસ્થ નારી સશક્ત પરિવાર” અભિયાનના પર ભાર મૂકવા જણાવ્યું હતું. બહેનો દ્વારા બનાવવામાં આવેલી મીલેટ્સની વાનગીઓને વિજેતાને  પ્રમાણપત્ર અને ઇનામ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.**

**---------------------------------------------------------------------------------------------**

## વાયુસેના શસ્ત્ર પ્રદર્શન

આગામી ૦૪ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ ભુજ એરફોર્સ સ્ટેશન ખાતે "નો યોર ફોર્સિસ" અને "એરફોર્સ ડે"ની ઉજવણીના ભાગરૂપે વાયુસેનાના વિવિધ શસ્ત્રોનું સ્ટેટિક પ્રદર્શન યોજાશે. દેશના નાગરિકો અને ખાસ કરીને વિદ્યાર્થીઓ, યુવાઓ પ્રેરણા મેળવી શકે તે હેતુથી વાયુસેનાની વિવિધ શસ્ત્રીય ક્ષમતાનું પ્રદર્શન ભુજ એરફોર્સ સ્ટેશન ખાતે કરવામાં આવશે. આ સ્ટેટિક પ્રદર્શનમાં એરફોર્સના વિવિધ અત્યાધુનિક સાધનોથી નાગરિકોને માહિતગાર કરવામાં આવશે.

આ પ્રદર્શનમાં આવતા વિવિધ શસ્ત્રો અને સાધનોની જાણકારી આપવામાં આવશે. જેમાં નાગરિકો, બાળકો, શાળાના એનસીસી કેડેટ્સ, નિવૃત્ત સૈનિકો, સૈનિકો અને સૈનિકોના પરિવારજનોને ઉત્સાહપૂર્વક ભાગ લેવા એરફોર્સ સ્ટેશન ભુજ દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

-----------------------------------------------------------------------------------

## મેડિકલ કેમ્પ : સ્વસ્થનારી સશક્ત પરિવાર : કચ્છ

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા માતા અને બાળકના આરોગ્યને મજબૂત બનાવવા માટે સ્વસ્થ નારી– સશક્ત પરિવાર પખવાડિયું" અંતર્ગત વિશેષ આરોગ્ય અને રસીકરણ સેવાઓનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત આજરોજ કચ્છમાં શહેર તથા ગામોમાં યોજાયેલા મેડીકલ કેમ્પનો મહિલા, તરૂણીઓ તથા બાળકોએ લાભ લીધો હતો કચ્છમાં આયુષ્માન આરોગ્ય મંદિરો **(AAMs)**, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો **(PHC)**, શહેરી આયુષ્માન આરોગ્ય મંદિરો **(UPHC/UAAM)**, સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે આરોગ્ય શિબિરો યોજાઇ હતી. નિરોણા, ગોધરા, જંગી, માતાના મઢ, અંજાર, ભિરંડીયારા, મુંદરા, આંબલીયારા, શિકરા, વીરા સહિતના ગામોમાં યોજાયેલી આરોગ્ય શિબિરોમાં મહિલાઓ માટે ચકાસણી કરવામાં આવી હતી. હતું. આ સાથે સ્થૂળતા ઓછી કરવી, સ્થાનિક તથા પ્રાદેશિક ખોરાકના પ્રચાર-પ્રસાર, બાળપણથી જ પોષણ તથા યોગ્ય ખાવા-પીવાની રીતો અપનાવવી, માસિક સ્વચ્છતા તથા પોષણ અંગે જાગૃતિ, ટેક હોમ રેશન **(THR)**નું વિતરણ કરી તંદુરસ્ત જીવનશૈલી વિશે લાભાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા.

---

## ભૂકંપ આંચકો : કચ્છ

ગત મોડી રાત્રે 1 વાગીને 46 મીનીટે જિલ્લામાં ભૂકંપનો આંચકો નોંધાયો હતો. ભુજ તલુકાના ખાવડાથી ઉત્તર-પશ્ચિમ દિશામાં 3.3ની તીવ્રતાના આ આંચકાનું કેન્દ્રબિંદુ આંતરરાષ્ટ્રીય સરહદ નજીક હતું તેમ ગાંધીનગર સ્થિત સિસ્મોલોજી રિસર્ચ સેન્ટરે નોધ્યું હતું. જીલ્લામાં એક જ સપ્તાહમાં આ ત્રીજો આંચકો આવ્યો છે.

દરમ્યાન, રાત્રે બે વાગ્યેને છ મિનિટે દક્ષિણ ગુજરાતમાં પણ ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જેનું કેન્દ્ર બિંદુ વાંસદાથી 10 કિલોમીટર દૂર નોંધાયું હતું. રીક્ટર સ્કેલ પર આ આંચકાની તીવ્રતા એક પૂર્ણાંક સાત માપવામાં આવી છે તેમ ગાંધીનગરના સિસ્મોલોજી રિસર્ચ સેન્ટરદ્વારા જણાવાયું છે.

---

## હવામાન

હવામાન વિભાગે રાજ્યમાં આગામી 7 દિવસ એટલે કે, 25 સપ્ટેમ્બરથી 1 ઓક્ટોબર સુધી માટે વરસાદની આગાહી કરી છે. દરમ્યાન કચ્છના મોટાભાગના વિસ્તારમાં વહેલી સવારે ઠંડક તો દિવસે ગરમીને કારણે વાતાવરણમાં વિષમતા જોવા મળી રહી છે.

---